## માંડલ જૈન સંઘનો ઠરાવ

તા. ૧૫-૭-૪૮ ના રોજ માંડલ મુકામે શ્રી. દેવચંદ નગીનદાસના શાહના પ્રમુખપદે માંડલના જૈન સંઘની સભા મળી હતી તેમાં નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતોઃ—

"વિદ્વાન આચાર્યો અને મુડીદાર ધનિકોના મંતવ્યથી જુદા પડવાની નૈતિક હીંમતના અભાવે તેમજ શાસ્ત્રોનાં નામે ચાલી આવેલી પરંપરાગત રૂઢિને વળગી રહેવા જેટલી ધાર્મિક વહેમી માન્યતાના કારણે ગેરહાજર રહેલા કેટલાક જુનવાણી વૃદ્ધોને નવું મંતવ્ય કદાચ પસંદ ન હોય તેનો સ્વીકાર કરીને આજની માંડલના જૈન સંઘની આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે :—

(૧) આજના બદલાયેલા સંયોગોમાં જ્યારે જૈન કોમ જે મુખ્યત્વે મધ્યમવર્ગની બનેલી છે તે ભાંગીને ભુકો થઇ રહી છે ત્યારે વધી રહેલા દેવદ્રવ્યનો ઉપયોગ એ તૂટતા સમાજને બચાવવા અર્થે થાય તેમાં આ સભા પોતાની પૂર્ણ સંમતિ જાહેર કરે છે.

(૨) વીતરાગ દેવને નામે જમાં થયેલું દ્રવ્ય એ દેવનું દ્રવ્ય નથી, પણ સમાજે એક સમયે ઉભી કરેલી વ્યવસ્થાનું પરિણામ હોઇ તે સમાજદ્રવ્ય જ છે. મંદિરો અને મૂર્તિઓ જે દેવદ્રવ્યમાંથી બનેલાં કહેવાય છે તેનો ઉપભોગ સમાજ કરી શકે છે તો પછી જૈન સંસ્કૃતિ, ધર્મ અને જ્ઞાન પ્રચાર પાછળ તે જ દેવદ્રવ્યનો વપરાશ ન સ્વીકારવામાં કોઇ પણ પ્રકારનું ડહાપણ, દીર્ઘદૃષ્ટિ કે, વિવેક બુદ્ધિ નથી એમ અમારૂં દૃઢ મન્તવ્ય છે.

(૩) શાસ્ત્રને નામે પરંપરાગત રૂઢિને વળગી રહેવા જેટલી વહેમી માન્યતાને વહેલામાં વહેલી તકે ફગાવી દેવા અમો હિંદભરના સમસ્ત જૈન સંઘોને અનુરોધ કરીએ છીએ અને આજની ભવ્ય ધર્મઇમારત જે સમાજના પાયા ઉપર નિર્ભર છે તે પાયાને પ્રથમ સુરક્ષિત બનાવવાની એમને અમો વિજ્ઞપ્તિ કરીએ છીએ.

(૪) ટેન્ડુલકર કમિટીનો અભિપ્રાય જાણ્યા વિના, દેવદ્રવ્યનો ઉપયોગ તૂટતા સમાજને બચાવવા અર્થે કદાચ થય એવા ડરથી ગઇ કાલ સુધી જ્યાં જરૂર નહોતી દેખાતી ત્યાં રાતોરાત લાખો રૂપિયા કડીયા, સુતાર, સલાટ કે રંગારા પાછળ વેડરી નાખવાની ઉતાવળ એ આભડછેટની બીકે હરિજનોને ખ્રીસ્તી ધર્મમાં ધકેલી દેવા જેવી મુર્ખતા છે એમ અમો માનીએ છીએ અને તેથી સકલ જૈન સંઘોને અમો એ મુર્ખતાના આરોપમાંથી બચવા ભારપૂર્વક હાકલ કરીએ છીએ.

(૫) જૈન કોમ એ હિંદુ કોમથી અલગ છે એવા કરવામાં આવેલા વિધાન તરફ આ સંઘ પોતાનો તિરસ્કાર વ્યક્ત કરે છે, કારણ કે અમો માનીએ છીએ કે તેમ કરવાથી નાનકડી જૈન કોમને વિનાશના પંથે ધકેલી દેવાનો માર્ગ ખુલ્લો થાય છે. જૈન સંઘો વગદાર વ્યક્તિની પ્રભા તળે અંજાઇ જઇ જો આ બાબતમાં પોતાનો વિરોધ વ્યક્ત નહી કરે તો ભાવિ જૈન સમાજની દશા કફોડી બનાવવાની છે એની એંધાણીરૂપ મધ્યપ્રાંતમાં હિંદુ મંદિર ઉપર લટકાવેલાં પાટિયાં સાક્ષી પુરે છે. આ ભાવિ ભય તરફ ખ્યાલ રાખી દરેક જૈન પોતાનો વિરોધ વ્યક્ત કરવા પોતાના અંતર્નાદને રોકશે નહિ એવી આ સંઘ આશા રાખે છે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨